Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol. 10, Issue: 125, July, 2023
Paper ID: RRJ865704
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-125-july-2023/RRJ865704

# રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020 અંગે પ્રાથમિક શાળાના શિક્ષકોની જાગૃતતાનો અભ્યાસ

ડૉ. વિનિત સિંઘાનિયા
સીઆરસી કૉ- ઓર્ડીનેટર-વલાણા
તા. વિરમગામ, જિ. અમદાવાદ

## સારાંશ

સંશોધનના મુખ્ય તારણો પરથી જણાઇ આવે છે કે, પ્રાથમિક શાળાના મોટાભાગના શિક્ષકો હજુ NEP-2020 બાબતે જાગૃતતા ધરાવતા નથી. જેથી પ્રાથમિક શાળાઓમાં NEP-2020 માં આપેલ વિવિધ ઉદ્દેશ્યો અને હેતુઓને સિદ્ધ કરવા જો પ્રાથમિક શાળાઓના શિક્ષકોને સાંકળીને શિક્ષણ વિભાગ કે સરકારશ્રી દ્વારા NEP-2020 અંગેની જાગૃતતા વધે તેવા પ્રમાણમાં પ્રચાર અને પ્રસાર, તાલીમો, સેમિનારો, કોન્ફરન્સનું આયોજન કરવામાં આવે તો NEP-2020 અંગે પ્રાથમિક શાળાઓના શિક્ષકોમાં જાગૃતતા વધી શકે તેમજ સંયુક્ત રાષ્ટ્રો દ્વારા નિર્ધારીત કરવામાં આવેલા Sustainable Development Goals- 2030ના લક્ષ્યાંક ચાર માં જણાવ્યા અનુસાર " વર્ષ 2030 સુધીમાં વિશ્વમાં બધા જ લોકોને સમાવિષ્ટ અને સમાન ગુણવત્તાયુક્ત શિક્ષણ ઉપલબ્ધ કરાવવું અને જીવપર્યંત અધ્યયન માટેની તકોને પ્રોત્સાહન આપવું" ભારત દ્વારા સ્વીકારેલ આ ધ્યેય સિદ્ધ થઈ શકશે.

### 1. પ્રસ્તાવના

તા. 29.07.2020ના રોજ કેંન્દ્રીય મંત્રીમંડળ દ્વારા રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020 મંજૂર કરવામાં આવી છે. સંયુક્ત રાષ્ટ્રો દ્વારા નિર્ધારીત કરવામાં આવેલા Sustainable Development Goals- 2030ના લક્ષ્યાંક ચાર માં જણાવ્યા અનુસાર " વર્ષ 2030 સુધીમાં વિશ્વમાં બધા જ લોકોને સમાવિષ્ટ અને સમાન ગુણવત્તાયુક્ત શિક્ષણ ઉપલબ્ધ કરાવવું અને જીવપર્યંત અધ્યયન માટેની તકોને પ્રોત્સાહન આપવું" ભારત દ્વારા આ ધ્યેયનો સ્વીકાર કરવામાં આવ્યો છે. ભારતની ઐતિહાસિક ધરોહરને ધ્યાને લઇને પુન:વિશ્વગુરુબનવાનું લક્ષ્ય રાખવામાં આવ્યુ છે. આ માટે સાક્ષરતાનો દર 100 ટકા સુધી લઈ જવાનો લક્ષ્યાંક છે. આવા ઉચ્ચ ધ્યેયોને સિદ્ધ કરવા માટે સમાજનાબધા જ લોકોની આવશ્યકતા રહેશે. માટે શિક્ષણ સાથે સીધા સંકળાયેલા શિક્ષકોએ યોગ્ય રીતે આ નીતિ વાંચવી અને સમજવી જોઇએ. સાથે-સાથે જે વ્યક્તિઓ શિક્ષણ સાથે સીધા સંકળાયેલા નથી તેવા વાલીઓ અને અન્ય લોકોએ પણ આ નીતિ વાંચવી અને સમજવી જોઇએ.

પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે વર્તમાન સમયમાં વ્યાપક પરીવર્તન અને સુધારાઓ થઇ રહ્યા છે અને પ્રાથમિક શિક્ષણ સુધારાઓનાં તમામ પ્રયત્નો સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે. આ સમયે પ્રસ્તુત અભ્યાસ દ્વારા રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020 અંગે પ્રાથમિક શાળાના શિક્ષકોની જાગૃતતા જાણવાનાં હેતુથી સશોધકે આ સંશોધન કરવાનું નક્કી કરેલ છે.

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol. 10, Issue: 125, July, 2023
Paper ID: RRJ865704
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-125-july-2023/RRJ865704

**2. સમસ્યા કથન**

રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020 અંગે પ્રાથમિક શાળાના શિક્ષકોની જાગૃતતાનો અભ્યાસ

**( A Study of Awareness of Primary School Teachers about NEP-2020 )**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે વિરમગામ તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોની NEP-2020 અંગે જાગૃતતાનો અભ્યાસ કર્યો હતો.

**3. સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે મુજબ હતાં.

- પ્રાથમિક શાળાના શિક્ષકોની NEP-2020 અંગે જાગૃતતા જાણવી.

**4. સંશોધન અભ્યસના પ્રશ્નો**

- પ્રાથમિક શાળાના શિક્ષકોની NEP-2020 અંગે જાગૃતતા કેવી હશે?

**5. વ્યાપવિશ્વ**

પ્રસ્તુત સંશોધનના વ્યાપવિશ્વમાં વિરમગામ તાલુકાના પ્રાથમિક શાળાઓના શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**6. નિદર્શન પદ્ધતિ અને નિદર્શ**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે પ્રાથમિક શાળાના શિક્ષકોની NEP-2020 અંગે જાગૃતતા સંદર્ભે અભ્યાસ કરવા માંગે છે. સંશોધકે બિનસંભાવ્ય નિદર્શન પદ્ધતિમાંથી સહેતુક નિદર્શન પદ્ધતિનો ઉપયોગ કરીને કુલ 25 પ્રાથમિક શિક્ષકો, મુખ્ય શિક્ષકો/એચટાટની નિદર્શ તરીકે પસંદગી કરી હતી.

**7. સંશોધનનો પ્રકાર અને પધ્ધતિ**

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પ્રકારનું હતું અને વર્ણનાત્મક સંશોધન પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**8. માહિતી એકત્રીકરણની રીત**

સંશોધકે મનોવલણ માપદંડ માટે તમામ પ્રાથમિક શિક્ષકો અને મુખ્ય શિક્ષકો/એચટાટ પાસેથી Google form દ્વારા માહિતી એકત્રીકરણ કરી હતી.

**9. માહિતી વિશ્લેશણની રીત:**

સંશોધકે પ્રાથમિક શાળાના શિક્ષકોની NEP-2020 અંગે જાગૃતતા સંદર્ભે મળેલી તમામ માહિતી પર સંશોધનોને અનુરૂપ વિવિધ આંકડાશાસ્ત્રીય ગણતરીઓ કરી હતી. જેમાં પ્રશ્નાવલિમાં મળેલા જવાબોને સૌપ્રથમ આંકડામાં રૂપાંતરિત કરવામાં આવ્યા હતાં. ત્યાર બાદ તમામ પાત્રો મુજબ ટકાવારી શોધવામાં આવી હતી. અહીં સંશોધકે MS-Office Excel 2007 નો ઉપયોગ કરીને તમામ આંકડાકીય ગણતરીઓ કરી હતી.

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol. 10, Issue: 125, July, 2023
Paper ID: RRJ865704
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-125-july-2023/RRJ865704

### 10. સંશોધનના તારણો

સંશોધકે સંદર્ભે સમગ્રત: પ્રાપ્ત થયેલી માહિતીના પૃથક્કરણ માટે કોઇ વિશેષ અંકશાસ્ત્રીય પ્રયુક્તિનો વિનિયોગ કરવાની આવશ્યકતા ન હતી તેથી ટકાવારીની અંકશાસ્ત્રીય ગણતરી કરીને માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યુ હતું. માહિતીના પૃથક્કરણ અને અર્થઘટનનાં અંતે નીપજતા સંશોધનના મુખ્ય તારણો નીચે મુજબ રજૂ કરવામાં આવ્યા હતાં.

- NEP-2020 નું પુરું નામ જાણતા હતા.
- રાષ્ટ્રીય શિક્ષણનીતિ એ 21 મી સદીની પ્રથમ શિક્ષણનીતિ છે તે બાબત મોટાભાગના શિક્ષકોને જાણ છે.
- કોની અધ્યક્ષતામાં નવી શિક્ષણ નીતિના અભ્યાસ માટે કઈ સમિતિએ 2016માં પોતાનો અહેવાલ રજુ કર્યો તે બાબત જાણતા નથી.
- શિક્ષણ વ્યવસ્થાના માળખાગત સુધારામાં શિક્ષક, વાલી અને વિદ્યાર્થી એ ત્રણેય કેંન્દ્રમાં કોણ હોવા જોઇએ તે બાબત સારી રીતે જાણે છે.
- NEP-2020 મુજબ 5+3+3+4 નવી શૈક્ષણિક અભ્યાસક્રમ પ્રણાલીની શિક્ષકોને જાણ છે.
- NEP-2020 માં શિક્ષકોને કયા વર્ગ સુધી માતૃભાષા / સ્થાનિક ભાષામાં પાઠ ભણાવવા પર ભાર મુક્યો છે તે બાબતથી મોટાભાગના શિક્ષકો માહિતગાર છે.
- 64 ટકા શિક્ષકો હજુ કયા વર્ષ સુધી શિક્ષણ માટે લઘુત્તમ લાયકાત 4 વર્ષીય એકીકૃત બી.એડની ડીગ્રી હોવી ફરજીયાત હશે તે બાબત જાણતા નથી.
- મોટાભાગના શિક્ષકો NEP-2020ના ચેરમેન વિશે જાણે છે.
- ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં 'ગ્રોસ એનરોલમેન્ટ રેસિયો (GER) કેટલા ટકા વધારવાનો લક્ષ્યાંક નક્કિ કરવામાં આવ્યો છે તે જાણતા નથી.
- NEP-2020 માં MHRD એ કોની સ્થાપનાની માંગ કરી છે તે બાબતથી તમામ શિક્ષકો અજાણ છે.
- મોટાભાગના શિક્ષકો માનવ સંશાધન વિકાસ મંત્રાલયનું નવું નામ જાણતા નથી.
- નવી શિક્ષણનીતિ કેટલા વર્ષ પછી બદલાઈ તે બાબતે શિક્ષકો સ્પષ્ટ નથી.
- નવી શિક્ષણનીતિ 2020 માં શિક્ષણ પર કેટલા ટકા ખર્ચ થશે તે બાબતે મોટા ભાગના શિક્ષકો જાણતા નથી.
- NEP-2020 મુજબ કયા વર્ગમાંથી વ્યાવસાયિક અભ્યાસક્રમો શરૂ કરવામાં આવશે તે બાબતે મોટા ભાગના શિક્ષકો જાણતા હતા.

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708
Vol. 10, Issue: 125, July, 2023
Paper ID: RRJ865704
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-125-july-2023/RRJ865704

- સંગીત અને કળા વિષયનું મહત્વ વધારવા બધા વર્ગોના અભ્યાસક્રમમાં તેનો સમાવેશ કરવામાં આવશે તે બાબતે મોટા ભાગના શિક્ષકો જાણતા નથી.
- નવી શિક્ષણનીતિ હેઠળ M. Phil કોર્સ નાબૂદ કરવામાં આવ્યો છે તે બાબતે મોટા ભાગના શિક્ષકો જાણતા હતા.
- NEP-2020 કઈ શિક્ષણનીતિને બદલે છે તે બાબતે મોટા ભાગના શિક્ષકો અજાણ હતા.
- NEP-2020 અંતર્ગત કેટલા વર્ષના વયજૂથના બાળકોનો સમાવેશ થશે તે બાબતે મોટાભાગના શિક્ષકો અજાણ હતા.
- ભારતમાં પ્રથમ રાષ્ટ્રીય શિક્ષણનીતિની જાહેરાત કયા વર્ષે થઈ હતી તે બાબતે જાણતા ન હતા.
- NEP-2020 મુજબ પ્રથમ પાંચ વર્ષના તબક્કાને કયું નામ આપવમાં આવ્યુ છે તે બાબતે મોટાભાગના શિક્ષકો માહિતગાર છે.

**સમાપન**

પ્રસ્તુત સંશોધન પ્રાથમિક શાળાઓના શિક્ષકોનની NEP-2020 અંગેની જાગૃતતા જાણવા અંગેનું હતું. પ્રસ્તુત સંશોધન દ્વારા કેટલાક ખુબ જ ઉપયોગી અને રસપ્રદ તારણો મળી આવ્યા હતાં અને તેના મહત્વપૂર્ણ ફલિતાર્થો શિક્ષકોને, શાળાઓને, શિક્ષણ વિભાગના અધિકારીઓને તેમજ સરકારશ્રીને ઉપયોગી બની રહેશે. તેમ છતા પ્રસ્તુત સંશોધન આ ક્ષેત્ર માટે અંતિમ છે તેવું કહી શકાય નહી. પ્રસ્તુત સંશોધન અન્ય સંશોધકોને આ ક્ષેત્રના વિવિધ પાંસાઓ સંદર્ભે અન્ય સંશોધનો હાથ ધરવા માટે પ્રેરક બનશે.

## સંદર્ભસૂચિ


- ઉચાટ, દિનેશચંદ્ર. એ. (2012). ***શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર (સંવર્ધિત દ્વિતીય આવૃત્તિ).*** રાજકોટ: પારસ પ્રકાશન.
- ઉચાટ, દિનેશચંદ્ર. એ. અને અન્યો. (1998). ***સંશોધન અહેવાલનું લેખન કેવી રીતે કરશો? (બીજી આવૃત્તિ).*** રાજકોટ: સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
- ગુજરાત વિદ્યાપીઠ. (1949). ***સાર્થ જોડણીકોશ (આવૃતિ-4).*** અમદાવાદ: ગુજરાત વિદ્યાપીઠ.
- ડ્યુઇ, જહોન. (2010). ***કેળવણીની તાત્વિક અને સમાજશાસ્ત્રીય આધારશિલાઓ (પ્રથમઆવૃત્તિ).*** અમદાવાદ: નિરવ પ્રકાશન.
- પટેલ, આર. એસ. (2017). ***સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર (ચોથી આવૃતિ).*** અમદાવાદ: જય પબ્લિકેશન્સ.
- રાવલ, નટુભાઇ વી. (2011). ***કેળવણીની તાત્વિક અને સમાજશાસ્ત્રીય આધારશિલાઓ.*** અમદાવાદ: નીરવ પ્રકાશન.
- શુક્લ, સતીશપ્રકાશ. એસ. (2014). ***સંશોધન એક પરિચય (પ્રથમ આવૃત્તિ).***

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol. 10, Issue: 125, July, 2023
Paper ID: RRJ865704
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-125-july-2023/RRJ865704

અમદાવાદ: ક્ષિતિ પબ્લિકેશન્સ.

- શુક્લ, સતીશપ્રકાશ. એસ. (2017). ***સંશોધન પદ્ધતિ પાથેય (બીજી આવૃત્તિ).***
  અમદાવાદ: ક્ષિતિ પબ્લિકેશન્સ.

## Website:

- www.inflibnet.com
- www.shodhganga.com
- www.ncert.org
- www.gcert.org